૧૦

<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>

આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર,
જિ.બનાસકાંઠાના મકાન બાંધકામના બ્લોક
એસ્ટીમેટની વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અમશ/૧૦૨૦૧૯/૨૫૨૭૫૭/ન.બા.૪૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૦૧/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૧/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૯/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧/૨૦૧૯-૨૦-૧૨૭૭૮

<u>આ મુ ખ :</u>

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૧૧/૧૧/૧૯ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર, જિ.બનાસકાંઠાના મકાન બાંધકામ માટે રૂ.૨૦૦.૦૦ લાખની નવી બાબતને માર્ગ અને મકાન વિભાગ પાસેથી બ્લોક એસ્ટીમેટ, જમીન ફાળવણીના હુકમ તથા નક્શા અંદાજો મળ્યેથી રજૂ કરવાની શરતે તથા અન્ય શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૦૯/૧૦/૨૦૧૯ના પત્રથી આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર, જિ.બનાસકાંઠાના મકાન બાંધકામ અંગે રજૂ કરેલ સુધારેલ અંદાજો તથા બ્લોક એસ્ટીમેટ મુજબ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ:</u>

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા (કન્યા), પાલનપુર, જિ.બનાસકાંઠાના મકાન બાંધકામના ખર્ચ માટે રૂ.૬૯૦.૧૪ લાખના બ્લોક એસ્ટીમેટની વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતોને આધીન આથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૧૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૧૯